# <u>એમ. કે. યુનિવર્સિટી, પાટણની સ્થાપના અંગેની વિગત</u>

- ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૨૨ (ગુજ. ૭/૨૦૨૨) થી રાજ્યમાં કુલ નવી-૧૧ યુનિવર્સિટીઓની સ્થાપના કરવાના હુકમો પ્રસિધ્ધ કરવામાં આવેલ.

- ઉક્ત બાબતે એમ. કે. યુનિવર્સિટી, પાટણની સ્પોન્સરિંગ બોડી શ્રી વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટને ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ અને ગુજરાત ખાનગી યુનિવર્સિટી નિયમો,૨૦૨૦ હેઠળ એમ.કે. યુનિવર્સિટીની સ્થાપના માટે તા.૨૮-03-૨૦૨૨ના રોજ Letter of Intent (L.O.I.) આપવામાં આવેલ.

- જેની વિગતે નાણાં વિભાગ દ્વારા એમ.કે. યુનિવર્સિટી, પાટણને એન્ડોવમેન્ટ ફંડની રકમ પેટે રૂ.૫ કરોડ પુરા **Gujarat State Financial Services (G.S.F.S.)** માં જમા કરાવવા મંજુરી મળેલ.

- પરંતુ ઉક્ત મંજુરીના આધિન આપવામાં આવેલ Letter of Intent (L.O.I.)ના મુદ્દા (૯) મુજબ એન્ડોવમેન્ટની રકમ જમા કર્યા અંગેના આધાર યુનિવર્સિટીની સ્પોન્સરિંગ બોડી દ્વારા રજુ કરવામાં આવેલ ન હોઇ, વિભાગના તા.૦૫-૦૪-૨૦૨૨ના પત્રથી ઉક્ત સ્પોન્સરિંગ બોડીને રૂ.૫/- કરોડ પુરાના એન્ડોવમેન્ટની રકમ જમા કરાવી તેના આધાર રજુ કરવા જણાવવામાં આવેલ.

- વધુમાં, ઉક્ત સ્પોન્સરિંગ બોડી દ્વારા રૂ.૫/- કરોડ પુરાના એન્ડોવમેન્ટની રકમ જમા કરાવ્યા અંગેના આધાર રજુ કરેલ ન હોઇ, વિભાગના તા.૧૬-૦૬-૨૦૨૨ના પત્રથી પુન: તે અંગેના આધારો અત્રે મોકલી આપવા જણાવવામાં આવેલ.

- આમ, Letter of Intent (L.O.I.)ના મુદ્દા (૯) મુજબ ફાઇનલ નોટીફીકેશન પહેલાં સ્પોન્સરિંગ બોડીએ એન્ડોવમેન્ટની રકમ જમા કરાવવાની રહે છે. પરંતુ તે શરત પરિપુર્ણ ન થતાં, પુન: એમ. કે. યુનિવર્સિટીને એન્ડોવમેન્ટની રકમ જમા કરાવવા માટે જણાવવા અને તેને બાકાત રાખી અન્ય ૧૦-યુનિવર્સિટી દ્વારા ફંડની રકમ ભરેલ હોઇ તેઓના માટે નોટીફીકેશન બહાર પાડવા સરકારશ્રીના આદેશ મળેલ.

- જેના અનુસંધાને અત્રેના તા.૦૧-૦૬-૨૦૨૨ના નોટીફીકેશનથી ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૨૦૨૨ (ગુજ. ૭/૨૦૨૨) એમ. કે. યુનિવર્સિટીની ક્રમ (૪૭)ની એન્ટ્રી સિવાય અમલમાં લાવવામાં આવેલ.
- ત્યારબાદ એમ.કે. યુનિવર્સિટી, પાટણની સ્પોન્સરિંગ બોડી દ્વારા એન્ડોવમેન્ટ ફંડની રકમ ભરવા તા.૨૪-૦૫-૨૦૨૪ના પત્રથી રજુઆત કરવામાં આવેલ. જે એન્ડોવમેન્ટ ફંડની રૂ.૫/-કરોડની રકમ ભરવા સરકારશ્રી દ્વારા મંજુરી મળેલ.

- ઉક્ત મંજુરી અન્વયે શ્રી વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૧૨-૦૬-૨૦૨૪ના પત્રથી એન્ડોવમેન્ટ ફંડની રૂ.૫/- કરોડ પુરાની રકમ **Gujarat State Financial Services (G.S.F.S.)** માં તા.૧૩-૦૬-૨૦૨૪ના રોજ જમા કરાવવામાં આવેલ છે. જે અંગેના **આધાર પેટે ડિપોઝીટની અસલ રીસીપ્ટ (નં.૧૦૭૭૯૯)** અત્રે રજુ કરવામાં આવેલ છે.

આમ, એમ. કે. યુનિવર્સિટી, પાટણની સ્પોન્સરિંગ બોડી શ્રી વિઠ્ઠલપ્રભુ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા Letter of Intent (L.O.I.) મુજબ એન્ડોવમેન્ટ ફંડની રકમ પેટે રૂ.૫/- કરોડ પુરા **Gujarat State Financial Services (G.S.F.S.)**માં જમા કરવામાં આવેલ હોઇ, ગુજરાત ખાનગી યુનિવર્સિટી(સુધારા) અધિનિયમ, ૨૦૨૨ (ગુજ. ૭/૨૦૨૨)માં ઉક્ત યુનિવર્સિટીનો સમાવેશ કરવા અંગેનું તા. ૨૦-૦૬-૨૦૨૪નું નોટીફીકેશન પ્રસિધ્ધ કરવામાં આવેલ.